**જન્મદિને વધામણી**



**દક્ષાબેન વાઘેલા**
પૂર્વ પ્રમુખ
લાયોનેસ ક્લબ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# એ. એ. પટેલ કોમર્સ કોલેજનો ૧૯મો વાર્ષિક દિન યોજાયો







ગાંધીનગર, તા.૧૫
કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન એ.એ. પટેલ કોમર્સ કોલેજનો ૧૯મો વાર્ષિક દિન અને ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ બપોરે ૧.૩૦ કલાકે ખીમજી વિસરામ હોલ ખાતે યોજાયો હતો. આ સમારંભમાં મુખ્ય મહેમાન અને વકતા તરીકે મોટીવેશન ટ્રેનર પ્રો. દિપક તેરૈયા, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગરના ચેરમેન ડૉ. કનુભાઈ પટેલ કેમ્પસ ડાયરેકટર સોમભાઈ પટેલ તથા અન્ય સંસ્થાના આચાર્યો હાજર રહ્યા હતા.

આ સમારંભમાં વકતા પ્રો. દિપક તેરૈયાએ જણાવ્યું હતું કે યુવા વિદ્યાર્થીઓએ શિક્ષણ વ્યવહારની સાથે વર્તન વ્યવહારનું પણ ધ્યાન રાખવું જોઈએ ઉપરાંત યુવા ઘડતરને લગતા વિવિધ પાસા જેમ કે કોમ્યુનિકેશન, મેનેજમેન્ટ, સકારાત્મક વ્યવહાર ઉપર ભાર મુકવો જોઈએ તેમ જણાવ્યું હતું. જયારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગરના ચેરમેન ડૉ. કનુભાઈ પટેલે અંતિમ વર્ષના વિદ્યાર્થીઓને જીવન જીવવા અને જીવન માણવાનો ભેદ સરસ રીતે સમજાવ્યો હતો. સાથે કોલેજના આચાર્ય વિજ્ઞા ઓઝાએ ઉપસ્થિત મહાનુભાવો અને વિદ્યાર્થીઓ-વાલીઓને સમગ્ર વર્ષ દરમિયાન કરેલ પ્રવૃત્તિઓથી માહિતગાર કર્યા હતા. સાથે સમગ્ર શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં પી.એચ.ડી., એમફીલ તથા નેટ/સ્લેટ પરીક્ષા પાસ કરનાર અધ્યાપકશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓના માનમાં કોલેજમાં એફ.વાય. અને એસ.વાય. બી.કોમ.ના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા અને કાર્યક્રમની આભારવિધિ ડૉ. રણછોડ રથવીએ કરી હતી તથા પ્રો. પુનમ લોહાણા દ્વારા કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

## ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ અને ફિક્કી વચ્ચે MoU

ગાંધીનગર, તા. ૧૫
ગુજરાતની પહેલી અને ૩૩મી કેમિકલ ઈન્ડસ્ટ્રીયલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ કોન્ફરન્સનું ચીફ સેક્રેટરી જે. એન. સીંઘે ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટના ડિરેક્ટર પી.કે.તનેજા ગુજરાત રાજ્ય વતી તથા ડિરેક્ટર જનરલ ઓફ ફિક્કી નિરંકાર સક્સેનાએ એમઓયુમાં હસ્તાક્ષર કર્યા હતા, જેને લઈને દરેક કેમિકલના એન્ટિડોટસ તૈયાર કરવા માટે તથા હોનારતના સમયમાં યોગ્ય બચાવ કામગીરીની તાલીમ માટે એક ઈન્સ્ટિટ્યૂટ સ્થાપવામાં આવશે. IOCLના બોટલિંગ પ્લાન્ટ સાણંદ ખાતે ૧૯મી માર્ચે પોલીસ, ફાયર, મેડિકલ સર્વિસ, કોર્પોરેશન અને અન્ય સંસ્થાઓના સહયોગથી ઈમરજન્સીની મોકડ્રિલ થશે.

## ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા
# ચિનુ મોદીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે સ્મૃતિ વંદના અને કવિ સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૧૫
ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા તા. ૧૯ માર્ચ, ૨૦૧૮ ને સોમવારના રોજ સાંજે ૫.૩૦ આત્મા હોલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કવિ ચિનુ મોદી 'ઈર્શાદ'ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે સ્મૃતિ વંદના અને કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમગ્ર કાર્યક્રમનું સંયોજન કવિ મનીષ પાઠક 'શ્વેત' દ્વારા કરવામાં આવ્યું છે. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા કાર્યક્રમની ભૂમિકા બાંધશે અને કવિ ચિનુ મોદીના પુત્ર ઈંગિત મોદી પ્રાસંગિક વક્તવ્ય આપશે.

કવિ ચિનુ મોદીના નાટકમાં આવતાં ગીતોનું ગાન જાણીતા રંગમંચના કલાકાર નિસર્ગ ત્રિવેદી, અર્ચન ત્રિવેદી અને તરૂણા સોની દ્વારા કરવામાં આવશે.

કવિ ચિનુ મોદીના મિત્રો સાહિત્યકાર સુમન શાહ, વિજય પંડ્યા, મણિલાલ હ પટેલ અને કવિ ભાગ્યેશ જહા સંસ્મરણો રજૂ કરશે.

કવિ સંમેલન અંતર્ગત ભાગ્યેશ જહા, મણિલાલ હ પટેલ, તુષાર શુક્લ, જિતેન્દ્ર જોષી 'જનક', પ્રતાપસિંહ ડાભી 'હાકલ', રમેશ ચૌહાણ, યજ્ઞેશ વ્યાસ, તેજસ દવે, ચંદ્રેશ મકવામા અને મનીષ પાઠક 'શ્વેત' સ્વરચિત કાવ્યોનો પાઠ કરશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ હરદ્વાર ગોસ્વામી કરશે.

ભાષાપ્રેમી અને સાહિત્યરસિક જનતા માટે આ કાર્યક્રમ માણવા માટે કોઈ ફી રાખવામાં આવી નથી. સૌ સાહિત્ય, કાવ્યપ્રેમી નાગરિકોને આ કાર્યક્રમ માણવા આયોજકો તરફથી ઈજન પાઠવવામાં આવ્યું છે.

# પી. જી. મેડિકલની ૧૮૦૦થી વધુ બેઠક પર પ્રવેશ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશનનો આરંભ

## ઓલ ઈન્ડિયા કવોટાની બેઠકો પર પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ થાય તો રાજયની બેઠકો પર મોડા પ્રવેશ

ગાંધીનગર, તા. ૧૫
સુપ્રીમ કોર્ટ દ્વારા પી.જી.મેડિકલ-ડેન્ટલની પ્રવેશ પ્રક્રિયા તા.૨૫મી માર્ચથી ૫મી એપ્રિલ સુધીમાં પૂરી કરવાના આદેશ કરાયા છે. આ પ્રમાણે કાર્યવાહી પૂર્ણ કરવી ફરજિયાત છે. પરંતુ મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં પી.જી.મેડિકલની બેઠકોને મંજૂરી અપાતા આ બેઠકો પૈકી કેટલીક બેઠકો ઓલ ઈન્ડિયા કવોટામાં જતી હોય છે. કેટલી બેઠકો ઓલ ઈન્ડિયા કવોટામાં જવાની છે તેની ગણતરી અને અંડરટેકિંગ આપવામાં વિલંબ થતાં ઓલ ઈન્ડિયા કવોટાની પ્રક્રિયામાં વિલંબ થાય તેમ છે.

જેના કારણે પી.જી.મેડિકલ પ્રવેશના કાર્યક્રમમાં ફેરફાર કરવો પડે તેમ છે. જો આમ, થાય તો ગુજરાતની પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ થાય તેમ છે. હાલ તો પી.જી.મેડિકલ પ્રવેશ સમિતિ દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવાની જાહેરાત કરી દીધી છે. જે પ્રમાણે તા.૧૫મી આવતીકાલે સવારે ૧૨ વાગ્યાથી તા.૧૯મીએ બપોરે ૩-૩૦ કલાક સુધી એક્સીસ બેંકમાંથી પીન લઈને ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકાશે. જયારે તા.૧૯મીએ સવારે ૧૦-૩૦ કલાકથી તા.૨૦મીએ બપોરે ૩ વાગ્યા સુધી વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજિસ્ટ્રેશન અને હેલ્પ સેન્ટરમાં જઈને ઓરિજનલ ડોક્યુમેન્ટનું વેરિફિકેશન કરાવવાનું રહેશે. આ માટે રાજયમાં ૧૮ જેટલા હેલ્પ સેન્ટરો નક્કી કરાયા છે. હાલમાં મેડિકલની ૧૫ કોલેજોમાં ૧૮૧૧ અને ડેન્ટલની ૯ કોલેજોમાં પી.જી.ની ૨૫૫ બેઠક ઉપલબ્ધ છે. જેમાંથી ઓલ ઈન્ડિયા કવોટાની બેઠકો બહાર કઢાય તો મેડિકલમાં ૧૨૫૦ જેટલી બેઠકો પર કાર્યવાહી કરાશે. પહેલી વખત તમામ પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવશે. રજિસ્ટ્રેશન અને ડોક્યુમેન્ટ વેરિફિકેશનની પ્રક્રિયા પૂરી થયા બાદ પી.જી.પ્રવેશ સમિતિ દ્વારા મેરિટલિસ્ટ જાહેર કરવામાં આવશે. જેના આધારે આગળની પ્રવેશ પ્રક્રિયા જાહેર કરાશે.

# રેલવેની ૮૯,૦૦૦ જગ્યા માટે દોઢ કરોડ ઉમેદવારો મેદાનમાં

ગાંધીનગર, તા. ૧૫
રેલવેમાં આશરે ૮૯,૦૦૦ નોકરીઓ માટે દોઢ કરોડથી વધુ લોકોએ તેમની નોંધણી કરાવી છે. ગત મહિને આ નોકરીઓ માટે જાહેરાત બહાર પાડવામાં આવી હતી. આટલા પ્રમાણમાં લોકોની અરજી દેશમાં યુવાનોમાં વધતી જતી બેરોજગારીની પ્રતીતિ કરાવે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે રેલવેમાં ગ્રૂપ સી અને ગ્રૂપ ડીના વિવિધ હોદાની ભરતી માટે રેલવે રિક્રૂટમેન્ટ બોર્ડ દ્વારા ઓનલાઈન દોઢ કરોડ ઉમેદવારોએ પ્રાથમિક રજિસ્ટ્રેશન કર્યું હતું. આ હોદાઓ માટે અરજી દાખલ કરવાની અંતિમ તારીખ ૩૧ માર્ચ છે. જેમાં ગ્રૂપ સી અને ગ્રૂપ ડી માટે અનુક્રમે ૨૬,૫૦૨ અને ૬૨,૯૦૭ જગ્યા ખાલી છે. રેલવે સિવાય અન્ય સરકારી કચેરીઓ માટે પણ હવે ભરતી આવી રહી છે. એક સિનિયર અધિકારીએ જણાવ્યું હતું કે 'ઉમેદવારો દ્વારા પ્રાથમિક રજિસ્ટ્રેશન કરાયું છે, જેમાં તેમનું નામ અને સરનામું નોંધાયું છે. એ પછી હવે અન્ય વિગતો લેવામાં આવશે.'

# ૧૫૦થી વધુ લોકોએ ફ્રોઝન શોલ્ડર્સની લાઈવ સર્જરી નિહાળી

ગાંધીનગર, તા. ૧૫
સામાન્ય સમજ મુજબ લોકો ખભાના દરેક દુઃખાવાને ફ્રોઝન શોલ્ડર સમજી બેસે છે અને સર્જરી કરાવવા સુધી તૈયાર થતા હોય છે. ખભાના દુઃખાવાના જુદાજુદા ત્રણ પ્રકાર હોય છે જેમાં ફકત પાંચ ટકા દર્દીઓને ફ્રોઝન શોલ્ડરની સમસ્યા થતી હોય છે. બાકીના ૯૫ ટકા દર્દીઓને ફિઝિયોથેરાપી અથવા દવાની મદદથી દૂર કરી શકાય છે. ફ્રોઝન શોલ્ડર અંગે ડૉક્ટર્સમાં અવેરનેસ આવે એ હેતુ સાથે વાસણાસ્થિત હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન (પોલિયો ફાઉન્ડેશન) ખાતે વર્કશોપ યોજાયો હતી.

જોઈન્ટ કેર આર્થરોસ્કોપી સેન્ટર દ્વારા આયોજિત 'રિસન્ટ ટ્રેન્ડ્સ ઈન શોલ્ડર્સ આર્થરોસ્કોપી' વર્કશોપમાં સમગ્ર ગુજરાતમાંથી ઓર્થોપેડિક સર્જન્સ અને ફિઝિયોથેરાપિસ્ટને આમંત્રણ આપવામાં આવ્યું હતું. વર્કશોપમાં આશરે ૧૫૦થી વધુ લોકોએ ફ્રોઝન શોલ્ડર્સની લાઈવ સર્જરી નિહાળી હતી. વર્કશોપના આયોજક ડૉ. ચિરાગ ચુડાસમાએ આ પ્રસંગે કહ્યું કે, 'દરેક ખભાનો દુઃખાવો ફ્રોઝન શોલ્ડર નથી હોતો' ઘણી વખત ખભાના સાંધાના સ્નાયુઓ તુટી ગયા હોય અથવા સાંધો ખસી જતો હોય ત્યારે દુરબિનની મદદથી સર્જરી કરી કેવી રીતે શ્રેષ્ઠ પરિણામ મેળવવું તે લાઈવ સર્જરી દ્વારા માહિતી આપવામાં આવી હતી..

ડૉ. ચુડાસમાએ કહ્યું કે, ફ્રોઝન શોલ્ડરમાં ખાસ કરીને મુખ્ય ત્રણ સ્ટેજ છે. જેમાં એક્યુટ, ફ્રિઝિંગ અને થોયિંગ સ્ટેજનો સમાવેશ થાય છે. મુખ્યત્વે આ ત્રણે સ્ટેજમાં દર્દીનું નિદાન અને તેની સારવાર કરવી મહત્વની છે. હાથ જકડાઈ ગયો હોય, બીજા હાથથી પણ તેને ઊંચકી ન શકાતો હોય, હાથ સાઈડમાં રાખી બહારની બાજુ ફેરવવામાં આવે ત્યારે કોઈ મુવમેન્ટ ન મળે તેને ફ્રોઝન શોલ્ડર કહી શકાય. એમઆરઆઈ કરવાથી કન્ફર્મ ફ્રોઝન શોલ્ડર જાણી શકાય છે.

ઉલ્લેખનીય છે કે, ખાસ કરીને ડાયાબિટીસના દર્દીઓને ફ્રોઝન શોલ્ડરની સમસ્યા થતી જોવા મળે છે. ડાયાબિટીસના દર્દીઓ માટે ડાયાબિટીસ કંટ્રોલ કરવો અને નિયમિત ફિઝિયોથેરાપિસ્ટ પાસે કસરત કરવી તે અગત્યની છે. ફ્રોઝન શોલ્ડરની સર્જરી કરાવવી તે છેલ્લો વિકલ્પ હોય છે. ફ્રોઝન શોલ્ડરની સર્જરીમાં ૯૦ ટકા સુધી પરિણામ મેળવી શકાય છે.

# પેપરના સીલ CCTVની 'નજર' હેઠળ ખોલવા બોર્ડ દ્વારા આદેશ

ગાંધીનગર, તા. ૧૫
દાહોદમાં બનેલી ઘટના બાદ બોર્ડ પેપર લીકની ઘટનાને લઈ ખુબ જ સાવચેત થઈ ગયું છે અને બોર્ડની પરીક્ષામાં બાકીના તમામ પેપરના સીલ બંધ પેકેટ CCTVની નિગરાનીમાં ખોલવા આદેશ કરાયો છે. તમામ પેકેટ ખંડ નિરીક્ષક દ્વારા ખોલવામાં આવે તે ઘટના CCTVમાં કેદ થાય તે રીતે ખોલવા માટે સૂચના અપાઈ છે. ઉપરાંત જિલ્લા કક્ષાની ટીમ દ્વારા તમામ કેન્દ્રોના ફુટેજની ચકાસણી કરતી વખતે પેપરના સીલ બંધ કવર ખોલવાની સમગ્ર પ્રક્રિયાની પણ ફુટેજમાં ચકાસણી કરવાની રહેશે. જે સ્કૂલમાં પેપરના સીલ CCTVમાં ફુટેજ આવે તે રીતે ખોલવામાં આવ્યા નહીં હોય તેમની વિગતો અલગથી મોકલવા આદેશ કરાયો છે. જેથી તેમની સામે કાર્યવાહી કરવામાં આવે તેવી શક્યતાઓ પણ સૂત્રોએ વ્યક્ત કરી છે. દાહોદની ઘટના બાદ બોર્ડના ચેરમેને તમામ ડીઈઓને આ અંગે સત્તાવાર પરિપત્ર મોકલી સૂચનાઓનું પાલન કરવા જણાવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બોર્ડના ચેરમેન દ્વારા સત્તાવાર રીતે બહાર પાડેલા પરિપત્રનો અમલ કરવા માટે તમામ ડીઈઓને સૂચના અપાઈ છે. જેમાં ઝોનલ અધિકારીઓ અને સ્થળ સંચાલકોને જે સૂચના આપવામાં આવેલી છે તેમાં પરીક્ષા શરૂ થતા અગાઉ સ્થળ સંચાલકને ઝોનલ અધિકારી દ્વારા અપાતા પ્રશ્નપત્રોના પેકેટ સીલ બંધ છે તેની ખાતરી કરી સ્થળ સંચાલક અને સરકારી પ્રતિનિધિની સહીથી કબાટમાં મુકવા અને તેને સીલ કરવાના સૂચના અપાઈ છે. આ પ્રશ્નપત્રોના પેકેટ પરીક્ષા શરૂ થવાના ૧૫ મિનિટ પહેલા ખંડ નિરીક્ષકોની હાજરીમાં ખોલવાના છે.

જયારે પ્રશ્નપત્રોના પેકેટ ખોલવામાં આવે તે પ્રક્રિયાના ફુટેજ મળી રહે તે મુજબ કાર્યવાહી કરવા સૂચના અપાઈ છે. સીલ પેકેટ પર સ્થળ સંચાલકે સહી કરી સમય નોંધવાનો છે. આ પ્રમાણેની સૂચનાનું પાલન થાય તે જોવાની જવાબદારી સ્થળ સંચાલકની રહેશે.

જિલ્લા કક્ષાની ટીમ દ્વારા પ્રત્યેક બિલ્ડિંગના CCTV ફુટેજની ચકાસણી કરતી વખતે બોર્ડ દ્વારા અપાયેલી સૂચનાનું પાલન થાય છે કે કેમ તે અંગે ચકાસણી કરવાની રહેશે. એટલે કે ફુટેજની ચકાસણી વખતે પેપરના સીલ ખોલવામાં આવ્યા તે અંગેના ફુટેજની પણ ચકાસણી કરાશે. જો કોઈ સ્થળ સંચાલક દ્વારા ઉપરોક્ત સૂચનાનું પાલન થયું ન હોય તેની માહિતી બોર્ડને અલગથી મોકલવાની રહેશે. જેથી તેમની સામે કાર્યવાહી કરવામાં સરળતા રહેશે.

# વિજ્ઞાન અને કેમેસ્ટ્રીના પેપરમાં પાર્ટ-એ છાત્રોને અઘરો લાગ્યો

ગાંધીનગર, તા. ૧૫
બોર્ડની પરીક્ષામાં બુધવારે ધોરણ-૧૦માં વિજ્ઞાન અને ટેક્નોલોજીના પેપરમાં પાર્ટ-એમાં વિદ્યાર્થીઓ થોડાક અટવાયા હતા. પાર્ટ-એના પ્રશ્નો સીધા જ પુસ્તકમાંથી પૂછવાના બદલે ટ્વિસ્ટ કરીને પૂછાતા વિદ્યાર્થીઓને અઘરા લાગ્યા હતા. જોકે, પાર્ટ-બી ખૂબ જ સરળ રહેતા વિદ્યાર્થીઓએ રાહત અનુભવી હતી. જ્યારે ધોરણ-૧૨ સાયન્સમાં કેમેસ્ટ્રીનું પેપર પણ વિજ્ઞાન અને ટેક્નોલોજીની જેમ જ રહ્યું હતું. કેમેસ્ટ્રીમાં પણ પાર્ટ-બી એકદમ સરળ રહ્યું હતું. જ્યારે પાર્ટ-એમાં ૧૫ માર્કના પ્રશ્નો ટ્વિસ્ટ કરીને પૂછાયા હોઈ વિદ્યાર્થીઓને અઘરા લાગ્યા હતા. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં એકાઉન્ટનું પેપર મીડિયમ કહી શકાય તેવું હતું.

વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના નિષ્ણાત ડૉ. નાદીર દાઉદાણીએ જણાવ્યું હતું કે, પેપરમાં પાર્ટ-બી ખુબ જ સરળ હતું. જેના પગલે પાર્ટ-બીમાં વિદ્યાર્થીઓ ૪૦થી ૪૫ જેટલા માર્ક સરળતાથી લાવી શકશે. જ્યારે પાર્ટ-એમાં પ્રશ્નો ટ્વિસ્ટ કરીને પુછવામાં આવ્યા હોઈ વિદ્યાર્થીઓની સમજની કસોટી થઈ હતી. ૧૪ જેટલા પ્રશ્નો એવા હતા કે જે પુસ્તક આધારીત તૈયારી કરી હોય તેમને જ આવડે તેવા હતા. આમ, ગોખણપટ્ટી કરીને આવેલા વિદ્યાર્થીઓ આ ૧૪ પ્રશ્નમાં અટવાયા હતા. આમ, એકંદરે પેપર સરળ રહ્યું હતું. જ્યારે વિષય નિષ્ણાંત અલ્કેશ ઠક્કરે જણાવ્યું હતું કે, પેપર સરળ રહ્યું હતું. એમસીક્યુમાં ૩થી ૫ જેટલા પ્રશ્નો ટ્રીકી હતા. હોંશિયાર વિદ્યાર્થી ૯૮થી ૧૦૦ માર્ક લાવી શકશે. જ્યારે સરેરાશ વિદ્યાર્થી ૭૫થી ૮૦ ગુણ લાવી શકે તેવું પેપર હતું.

ધોરણ-૧૨ સાયન્સમાં કેમેસ્ટ્રીના પેપર અંગે એક વિષય નિષ્ણાતે જણાવ્યું હતું કે, કેમેસ્ટ્રીના પેપરમાં પાર્ટ-બી એકદમ સરળ રહ્યું હતું. મોટાભાગના પ્રશ્નો સીધા જ પુસ્તકમાંથી પુછવામાં આવ્યા હોઈ વિદ્યાર્થીઓને રાહત થઈ હતી. જ્યારે પાર્ટ-એ વિદ્યાર્થીઓને અઘરો લાગ્યો હતો. પાર્ટ-એમાં ૧૫ જેટલા પ્રશ્નો એવા હતા કે જેમાં વિદ્યાર્થીઓની કસોટી થઈ હતી. આ પ્રશ્નો પુસ્તકમાંથી સીધા પુછવાના બદલે ટ્વિસ્ટ કરવામાં આવ્યા હોઈ વિદ્યાર્થીઓને પાર્ટ-એ અઘરો લાગ્યો હતો. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં આંકડાશાસ્ત્રના પેપર અંગે વિષય નિષ્ણાતે જણાવ્યું હતું કે, આંકડાશાસ્ત્રનું પેપર સરળ પણ નહીં અને અઘરું પણ નહીં એટલે કે મીડિયમ કહી શકાય તેવું રહ્યું હતું. પેપરમાં વિભાગ સી અને વિભાગ ડીના ૮ માર્કના પ્રશ્નો વિદ્યાર્થીઓને થોડાક અઘરા લાગ્યા હતા. જો કે પેપર હોંશિયાર વિદ્યાર્થીઓ માટે સરળ રહ્યું હતું અને સરેરાશ વિદ્યાર્થીઓ માટે મીડિયમ રહ્યું હતું.

કેમેસ્ટ્રીના પેપરમાં ત્રણ પ્રશ્ન ખોટા પૂછાયા હોઈ વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયા હતા. પેપર સેટ-પમાં પ્રશ્ન નંબર ૪૦માં હેલિક એસિડ અંગેનો પ્રશ્ન પૂછાયો હતો. જોકે, પ્રશ્ન પૂછવામાં ભૂલ કરવામાં આવી હોવાથી ચારેયમાંથી એક પણ ઓપ્શન સાચો આવતો ન હતો. ખરેખર હેલિક- ૨ના બદલે હેલિક-૩ પૂછાવવું જોઈએ. જ્યારે ૩૩ નંબરના પ્રશ્નમાં ભૂલ હોવાનું બહાર આવ્યું છે. તેમજ એક પ્રશ્નમાં નીચેનામાંથી કયો વિકલ્પ ક્રોમોપોલિમર નથી તેવો પ્રશ્ન પૂછાયો છે પરંતુ ખરેખર હોમ પોલિમર એવો પ્રશ્ન પૂછાવવો જોઈએ.

ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાના પ્રારંભે દાહોદમાંથી પ્રશ્નપત્ર કૌભાંડ પકડાયું હતું, ત્યાર પછી પુનઃ દાહોદ જિલ્લો વિવાદમાં આવ્યો છે. દાહોદ જિલ્લાના સંજેલી ખાતેથી ચાલુ પરીક્ષાએ ધોરણ-૧૦નું વિજ્ઞાનનું પ્રશ્નપત્ર સોશિયલ મીડિયા પર વાયરલ થયું હોવાની વિગતો બહાર આવતાં હોબાળો મચી ગયો હતો. એક તબક્કે મામલતદાર અને જિલ્લા શિક્ષણાધિકારી સંજેલીની એક શાળામાં પહોંચી જઈને તપાસ આરંભી દીધી હતી.


બુધવારે ધોરણ ૧૦નું વિજ્ઞાનનું પ્રશ્નપત્ર હતું. તેની પરીક્ષા શરૂ થતાંની સાથે જ પ્રશ્નપત્ર સોશિયલ મીડિયા પર ફરતું થયું હોવાની ફરિયાદ દાહોદ જિલ્લામાં ઊઠી હતી. આ પ્રશ્નપત્ર સંજેલી ખાતેથી લીક થયું હોવાની વિગતો જિલ્લા કલેક્ટર જે. રંજીથકુમારને મળતાં તેઓએ તાત્કાલીક જિલ્લા શિક્ષણાધિકારી અને મામલતદારને સંજેલી ખાતેના પરીક્ષા કેન્દ્ર પર મોકલી દઈને તપાસ કરાવી હતી. જો કે, તેમાં કાંઈ જ નક્કર વિગતો મળી આવી ન હતી.

# ગાય, ઘાસ, મંદિર, મૂર્તિ બધું છે, પણ શ્રદ્ધા ક્યાં ?

સરિતાના વહેતા જળ જેવી જિંદગીમાં સતત સમયનો પ્રવાહ નજર સામેથી વહેતો જ રહે છે, જેને રોકી શકાય તેમ નથી. સમયની વાતને સમયસર જાણીને સમયની સ્થિતિ મુજબ જીવી લેવાય તો સમય કદી બેઆબરૂ કોઈને કરતો નથી. લાગે છે કે સમયના ટૂકડાઓ જ જિંદગીની ખરી તાકાત અને સચ્ચાઈ છે. આજના માનવી પાસે અગણિત સુવિધાઓ છે જે તેની શાંતિનો ભંગ કરે છે. અચેતન મનના પ્રદેશમાં પણ અજંપો પ્રવેશી ગયો છે. જિંદગી જીવી લેવાની તમન્ના લાગે છે કે મરી પરવારી છે. વાતવાતમાં ગુસ્સો, બબાલ, ધમાલ અને અંતે જાતને ખત્મ કરવાની પરંપરા શરૂ થઈ છે. શું આ સાચો ક્રમ છે ? મૃત્યુને જઈને ભેટવાથી સમસ્યા ઉકલી જાય છે ?

સમાજ વધુ ને વધુ તરંગી અને રૂક્ષ થઈ રહ્યો છે જેના મૂળમાં જીવન પ્રત્યેની મમતા કે શ્રદ્ધાનો જબરો અભાવ સ્પષ્ટ દેખાય છે. ગામડાઓ તૂટી જ ગયા છે તો શહેરો જનસંખ્યાથી હાંફી રહ્યા છે. આ સ્થિતિને વિકાસ કહેવામાં થોડો સંકોચ થાય છે. શહેરોમાં બધું જ ઉપલબ્ધ હોય છે. તમે ધાર્મિક, શ્રદ્ધાવાન, ઋજુ છો તો રસ્તા ઉપર ઘાસની લારી અને ગાયોનાં ઝૂંડ સાથે તેનો વ્યવસ્થાપક કે મજૂરી કે માલિક હાજર છે તેને નાણાં આપો એ મુજબ ગાયોને ઘાસ ખવડાવી આવે છે. યંત્રવત જિંદગીમાં બધું જ ઉપલબ્ધ પણ શ્રદ્ધાં ક્યાં ? શ્રદ્ધા હોવી એટલે શું ? બહુ ચિંતન કરવા જેવી બાબત છે. શ્રદ્ધા માબાપ ઉપર હોય, મિત્ર ઉપર હોય, માલિક પર કે ઈશ્વરના કોઈપણ સ્વરૂપ ઉપર હોય, પરંતુ એ શ્રદ્ધા જ ચિત્તને રાહત અને શાંતિનો અહેસાસ કરાવે છે. શ્રદ્ધા જીવનની બહુ મોટી મૂડી અને શક્તિ છે. જો શ્રદ્ધા નથી તો વહેતી ગંગા પણ માત્ર એક નદી જ છે.

શ્રદ્ધાની અપૂર્ણતા કે અતિશયતા હાનિ પણ કરે છે. અંધશ્રદ્ધા ખોટા માર્ગે દોરી જાય છતાં



જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

ખબર નથી પડતી. શ્રદ્ધાની વાતમાં પુરાવાઓની આવશ્યકતા નથી હોતી. જલન માતરીનો સુંદર શેર છે

શ્રદ્ધાની હો વાત ત્યાં
પુરાવાની શી જરૂર ?
કુરાનમાં ક્યાં
પયગંબરની સહી હોય છે !

આજના યુગમાં ભાવવિશ્વ લુપ્ત થયું છે અને ભોગવિશ્વનો ઉદય થયો છે. દિલની મોટપ હોય તો મિત્રો મળી રહે છે પરંતુ અક્કલના વધુ ઉપયોગથી દુશ્મનો જરૂર વધે તેવી સામાજિક રચના કરી દીધી છે. સભ્ય સંસ્કૃત સમાજના લોકો જ અંદરથી પોલા, તકવાદી, ભોગ અને રોગથી ભરચક થઈ રહ્યા છે. કેમ કે તેઓ ખુદ ઉપર શ્રદ્ધા નથી રાકતા. ખુદ ઉપર શ્રદ્ધાનો અર્થ છે આત્મ-વિશ્વાસ કે જેનો અભાવ સર્વત્ર છે.

પતંગિયાએ ફૂલોને
ઝઘડાવી માર્યા,
એને નક્કી આજે
માણસ અડ્યો હશે !

હકારાત્મક ઊર્જાના સ્ત્રોતમાં કમી આવી છે. બુદ્ધિનો જ્યાં અંત આવે ત્યાંથી શ્રદ્ધાનો જન્મ થાય છે પરંતુ આજનો માનવી બુદ્ધિમાં પોતે જ શ્રેષ્ઠ છે તેવું હંમેશાં માનતો જ રહ્યો છે. એક સુંદર શેરમાં આ સચ્ચાઈ વ્યક્ત થઈ છે -

સબ કો ફિક્ર હૈ ખુદ કો સાબિત કરને કી
જૈસે યે જિંદગી જિંદગી નહીં કોઈ ઈલ્ઝામ હો.

સ્વ સાથેની લડાઈમાં માણસ અંતે હારી જાય છે. કારણ કે શ્રદ્ધાભાવ ઘટી રહ્યો છે. માણસો હવે માબાપ પાપ-પુણ્ય, ઈશ્વર, કર્મફળ, પુરુષાર્થ વગેરેમાંથી પણ બહાર નીકળતા થયા છે એટલે કોઈ ભય નથી કે નથી ખરું આશ્વાસન ! મુકુલ ચોક્સીના શેરમાં બહુ ઉમદા વાત વ્યક્ત થઈ છે.

પૂછ્યું મેં કોણ છે ?
ઉત્તર મળ્યો યયાતિ છે.
ને બહાર જોઉં તો
આખી મનુષ્ય જાતિ છે.

આપીને રાજી થવું એ વિચારધારા રહી નથી પણ કઈ રીતે વધુ લઈ સ્માર્ટ બનવું તેના ઉપાયો શોધાઈ રહ્યા છે. માટે માનવને માનવીથી ભય ઊભો થયો છે. શ્રદ્ધા ગઈ એટલે અંદરની શક્તિ પણ ગઈ.

લાગણી ગઈ અને રહી માત્ર પછી જે વધ્યું એ માત્ર ભૌતિકવાદને વધુ પ્રાપ્ત કરવાનું પાગલપન, જેનાથી વિશ્વ પણ ત્રસ્ત બન્યું છે. શ્રદ્ધાસ્થાનો પુષ્કળ છે. પરંતુ માનવદિલમાં સંવેદના, અહેસાસ, અનુકંપા રહ્યા નથી. એટલે જ સગી માતાને ભણેલો માણસ મકાનની અગાશી ઉપરથી નીચે ફેંકી દે એવા સમાચાર જાણવા મળે ત્યારે દિલોદિમાગને પુષ્કળ આઘાત લાગે છે. સંપત્તિવાન પરિવારોના વડિલો દુનિયાની નજરે સુખી પરંતુ વાસ્તવમાં અતિ પીડિત હોય છે. કારણ છે અતિ સંપત્તિ અને શ્રદ્ધાની કમી.

માગણી એ જ દુખનું મૂળ છે. અમૃત ઘાયલના શેરને સમજીએ -

રાખે છે એક લાગણી
મુજને અમીર જેમ
હું એટલે તો
આમ ફરું છું ફકીર જેમ !

પ્રત્યેક ઘરમાં ઘરમંદિર, શ્રદ્ધા, સંસ્કારની આરાધના થાય તો પૃથ્વી ઉપર સ્વર્ગ અવશ્ય સર્જી શકાય.

**શેર આસ્વાદ**

બેફામ વેડફી નાંખશો નહીં,
આમ આપ જિંદગી
મોત જ્યારે આવશે
એની જરૂરત લાગશે

